PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/કવા–૦૧/૧૭–૧૮/ ૫૫૨૬ તા. ૨૯/૦૬/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
કાળુભાઈ શંભુભાઈ પરમાણી,
ગામ: [illegible], જુંડાળા
તા. જસદણ
જી. રાજકોટ
મો: ૯૬૬૨૬૧૨૧૨૦

**વિષય :–નવા મુજુર કરાયેલ ખેત જોડાણ મા ભાવપત્રક ની મુદત વધારી આપવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૪/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No :- 01 [A]]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૪/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૩–૦૬–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: કાળુભાઈ શંભુભાઈ પદમાણી, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી કાળુભાઈ શંભુભાઈ પદમાણી હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : નવા મુજુર કરાયેલ ખેત જોડાણ મા ભાવપત્રક ની મુદત વધારી આપવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રુબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ :ઝુંડાલા ના સર્વે નંબર : ૮૯ પૈકી ૫ મા, મંજુર કરાયેલ નવા, ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ નુ, રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં: ૧૩૮૭૬, તા.૨૮–૧૦–૧૬ થી અપાયેલ હતુ. જેની મુદત, તા.૨૮–૧૧–૧૬ હતી. પરંતુ, '' તેઓ – આ સમયગાળા દરમ્યાન આર્થિક રીતે નબળા, અને બીમાર તેમજ વૃધ્ધ અને અસ્વસ્થ હોય '' નિયત સમયગાળા મા ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી શકેલ ન હોવાના કારણોસર, તેઓએ '' અગાઉ – સદર ભાવપત્રક ની સમયમર્યાદા – વધારાના ૦૨ માસ એટલેકે, ૨૮–૦૧–૧૭ '' સુધી, પ્રથમ તા.૨૮–૧૧–૧૬ ના લેખીત અરજી મારફત માંગેલ હતી. જે, સમયમર્યાદા ની મંજુરી પીજીવીસીએલ તરફથી મળેલ પણ હતી. પરંતુ, તેઓને સદર સમયમર્યાદા ની મંજુરી ની જાણકારી, જે ટેલીફોન મારફત, પીજીવીસીએલ તરફથી, ખુબજ મોડી મળેલ હતી. એટલેકે, મંજુર કરાયેલ સમયમર્યાદા તા.૨૮–૦૧–૧૭ પછી જ, માત્ર પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને ટેલીફોનીક જાણકારી અપાયેલ હતી. |
| ૧.૨ | આમ, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ને નિયત તારીખ : ૨૮–૦૧–૧૭ પહેલા, સમયમર્યાદા ની મંજુરી નો પત્ર અપાયેલ ન હોય, તેમજ – તા.૨૮–૦૧–૧૭ પહેલા ટેલીફોનીક જાણકારી પણ અપાયેલ નહોય, આવા કારણોસર, તેઓ તેમને મળેલ સમયમર્યાદા ની મંજુરી થી અજાણ રહેતા, નિયત સમયમર્યાદા ની તારીખ : ૨૮–૦૧–૧૭ પહેલા, પીજીવીસીએલ મા, નિયમાધીન રીતે ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી શકેલ ન હતા. જેથી, આમ, પીજીવીસીએલ ની બેદરકારી ના કારણોસર જ, તેઓ ના સદર ભાવપત્રક ની સમયમર્યાદા ચુકાય ગયેલ છે. જેથી, ત્યારબાદ તેઓએ, સદર મુળ ભાવપત્રક ની મુળ સમયમર્યાદા ની અંતીમ તા.૨૮–૧૧–૧૬ મા, અગાઉ ની મંજુરી ના ૦૨ માસ ના અગાઉ ના વધારાની અંતીમ તા.૨૭–૦૧–૧૭ મા વધારાના ૦૨ માસની મુદત વધારી અને અંતીમ તા.૨૬–૦૩–૧૭ સુધી કરવાની, તેઓશ્રીએ તા.૦૨–૦૨–૧૭ ના રોજ લેખીત અરજી આપેલ હતી. જેની, મંજુરી ની જાણકારી, તેઓ શ્રી ને પીજીવીસીએલ તરફથી મળેલ ન હતી. |
| ૧.૩ | ત્યારબાદ, ફરી એક વખત, તેઓ શ્રી એ, ઉપરોક્ત મુદદા નં. ૧.૨ મુજબ ની અંતીમ તારીખ મા વધારાના ૦૪ માસ ની સમયમર્યાદા મેળવવા માટે ની તા.૦૧–૦૪–૧૭ ના રોજ લેખીત અરજી આપેલ હતી. આમ, તેઓશ્રીએ મુળ અંદાજપત્ર ની છેલ્લી તા.૨૮–૧૧–૧૬ મા, અગાઉ ના પ્રથમ અરજી ના ૦૨ માસ, બીજી અરજી ના ૦૨ માસ અને ત્રીજી અરજી ના ૦૪ માસ, એમ કુલ ૦૮ માસ ની સમયમર્યાદા, જે ભાવપત્રકની અંતીમ તા.૨૮–૧૧–૧૬ પછી માંગેલ હતી. આમ, સદર ભાવપત્રક ની અંતીમ તા.૨૮–૧૧–૧૬ પછીના ૦૮ માસ, એટલેકે તા.૨૬–૦૭–૧૭ સુધી ની સમયમર્યાદા ની સમયાંતરે અરજી કરેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી,તેઓ શ્રી ની સદર યોગ્ય અને વ્યાજબી વિનંતીઓને માન્ય રાખેલ નથી. અને તેઓ શ્રીને પીજીવીસીએલ તરફથી, સદર અરજીઓ માન્ય / અમાન્ય રખાયેલ હોવા બાબતે નો, કોઈ લેખીત પત્ર પણ આપેલ નથી. જેથી, તેઓશ્રીને લાચારીવશ ફોરમ સમક્ષ અરજી કરવાની ફરજ પડેલ છે. તેઓશ્રી આર્થિક સ્થિતી છેલ્લા ૦૧ વર્ષ થી ઘણી નબળી છે. અને તેઓ ગરીબ અને સામાન્ય કક્ષાના ખેડુત છે. તેઓશ્રીને ગુજરાન ચલાવવા માટે ખેતીવાડી વીજજોડાણ ની જરૂરીયાત છે. આ તમામ બાબતો ને, માનવતા ની રૂએ આવરી લઈ અને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી ધોરણે, તેઓ શ્રી ને સદર ભાવપત્રક ની મુળ |

| | |
|---|---|
| | તા.૨૮–૧૧–૧૬ મા, વધારાના ૧૨ માસ, એટલેકે તા.૨૮–૧૧–૧૬ થી તા.૨૭–૧૦–૧૭ સુધી સમયમર્યાદા – એટલેકે ૦૧ વર્ષ સુધી ની સમયમર્યાદા – જે માનવતા ની રૂએ તેઓને વધારી આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ :ઝુંડાલા ના સર્વે નંબર : ૮૯ પૈકી ૫ મા, મંજુર કરાયેલ નવા, ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ નુ, રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં: ૧૩૮૭૬, તા.૨૮–૧૦–૧૬ થી અપાયેલ હતુ. જેની મુદત, તા.૨૮–૧૧–૧૬ હતી. પરંતુ, '' તેઓ – આ સમયગાળા દરમ્યાન આર્થિક રીતે નબળા, અને બીમાર તેમજ વૃધ્ધ અને અસ્વસ્થ હોય '' નિયત સમયગાળા મા ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી શકેલ ન હોવાના કારણોસર, તેઓએ '' અગાઉ – સદર ભાવપત્રક ની સમયમર્યાદા – વધારાના ૦૨ માસ એટલેકે, તા. ૨૮–૦૧–૧૭ '' સુધી, સમયમર્યાદા વધારો મેળવવા માટે ની, અરજદાર શ્રી એ પ્રથમ તા.૨૮–૧૧–૧૬ ના રોજ ની લેખીત અરજી દ્વારા માંગેલ હતી. જેની મંજુરી પીજીવીસીએલ તરફથી મળેલ પણ હતી. પરંતુ, અરજદાર શ્રી ને સદર સમયમર્યાદા ની મંજુરી નો લેખીત પત્ર ન અપાતા, પીજીવીસીએલ તરફથી ટેલીફોનીક જાણકારી અપાયેલ હતી. જેથી, સદર મંજુરી ની ટેલીફોનીક જાણકારી બાદ, એટલેકે મંજુર કરાયેલ ૦૨ માસ ની સમયમર્યાદા ની અંતીમ તા.૨૮–૦૧–૧૭ પછી જ, અરજદાર શ્રી એ, સદર અંતીમ તા.૨૮–૦૧–૧૭ મા, વધારાના ૦૨ માસ ની મુદત, એટલેકે તા.૨૮–૦૩–૧૭ સુધીની સમયમર્યાદા મેળવવા માટે ની, તા.૦૨–૦૨–૧૭ ના રોજ ની બીજી લેખીત અરજી પીજીવીસીએલ મા આપેલ હતી. જેની મંજુરી ઉપલી કચેરી સમક્ષ, ઈ–ઉર્જા હેઠંળ માંગવામા આવેલ હતી. પરંતુ, સદર અરજી ઈ–ઉર્જા હેઠળ, '' તા.૦૪–૦૨–૧૭ ના રોજ વર્કફ્લો હેઠળ રહેલ હોય, વર્તુળ કચેરી કક્ષાએથી રદબાતલ કરાયેલ '' હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી, આ મુજબ ની રદબાતલ બાબતે ની, અરજદાર શ્રી ને – આ બાબતે ની કોઈ લેખીત પત્ર દ્વારા જાણકારી અપાયેલ ન હતી. |
| **૨.૨** | જેથી, ફરી એક વખત, અરજદાર શ્રી એ, સદર અંતીમ તા.૨૮–૦૩–૧૭ મા વધારાના ૦૪ માસ ની સમયમર્યાદા, એટલેકે તા.૨૮–૦૩–૧૭ થી તા.૨૮–૦૭–૧૭ સુધી ની સમયમર્યાદા મેળવવા માટે ની ત્રીજી અરજી તા.૦૧–૦૪–૧૭ ના રોજ, પીજીવીસીએલ મા રજુ કરેલ હતી. પરંતુ, અરજદાર શ્રી ની અગાઉ ની અરજી, જે સક્ષમ એવી વર્તુળ કચેરી કક્ષાએથી રદબાતલ થયેલ હોય, સદર ત્રીજી અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદાર શ્રી એ, તેમના મંજુર કરાયેલ નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ના, રૂ.૭,૮૫૩/– ની રકમ વાળા મંજુરી ના ભાવપત્રક નં: ૧૩૮૭૬ તા.૨૮–૧૦–૧૬, કે જેની અંતીમ તા.૨૮–૧૧–૧૬ હતી, તેમા અંતીમ તા.૨૮–૧૧–૧૬ પછી, સમયાંતરે કરાયેલ કુલ ૦૩ અરજીઓ દ્વારા, કુલ ૦૮ માસ ની સમયમર્યાદા, એટલેકે તા.૨૬–૦૭–૧૭ સુધી ની સમયમર્યાદા માંગેલ છે. જે માહેની પ્રથમ અરજી ની સમયમર્યાદા મંજુર કરાયેલ છે. અને ત્યારબાદ ની બન્ને અરજીઓ રદબાતલ કરાયેલ છે. જેથી હવે, અરજદારે ફોરમ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહીને હવે તેઓને, સદર મુળ ભાવપત્રક ની મુળ તા.૨૮–૧૦–૧૬ ની અંતીમ તા.૨૮–૧૧–૧૬ મા, વધારાના ૦૧ વર્ષ સુધી ની સમયમર્યાદા –એટલેકે સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા મા તા.૨૮–૧૦–૧૭ સુધી નો વધારો, જે માનવતા ની રૂએ તેઓને વધારી આપવા માટે, અરજદારે – સવાલવાળી ફરીયાદ રજુ કરેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી, તેમના ગામ :ઝુંડાલા ના સર્વે નંબર : ૮૯ પૈકી ૫ મા, મંજુર કરાયેલ નવા, ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ નુ, રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં: ૧૩૮૭૬, તા.૨૮–૧૦–૧૬ થી અપાયેલ હતુ. જેની મુદત, તા.૨૮–૧૧–૧૬ હતી. પરંતુ, '' અરજદાર શ્રી આ સમયગાળા દરમ્યાન આર્થિક રીતે નબળા, અને બીમાર તેમજ વૃધ્ધ અને અસ્વસ્થ હોય '' નિયત સમયગાળા મા ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી શકેલ ન હોવાના કારણોસર, તેઓશ્રી એ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા, જે તા.૨૮–૧૧–૧૬ ના રોજ પુરી થતી હતી. તેમા વધારાના ૦૨ માસ એટલેકે, તા. ૨૮–૦૧–૧૭ સુધી ની, સમયમર્યાદા વધારો મેળવવા માટે ની – અરજદાર શ્રી એ પ્રથમ તા.૨૮–૧૧–૧૬ ના રોજ પ્રથમ લેખીત અરજી, પીજીવીસીએલ મા આપેલ હતી. જેની મંજુરી પીજીવીસીએલ તરફથી મળેલ પણ હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને, આ મંજુરી બાબતે, |

| | |
|---|---|
| | તા.૨૮–૦૧–૧૭ સુધી મા લેખીત પત્ર મારફત જાણકારી અપાયેલ ન હતી. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ના, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, લેખીત જાણકારી અરજદાર શ્રી ને, ન મળવાના કારણોસર, અરજદારે તેમના સદર અંદાજપત્ર ની અંતીમ તા.૨૮–૦૧–૧૭ મા વધારાના, કુલ ૦૬ માસ ની સમયમર્યાદા મેળવવા માટે ની, એટલેકે અંતીમ તા.૨૬–૦૭–૧૭ સુધી કરી આપવાની, અરજદાર શ્રી એ, સમયાંતરે ૦૨ અરજીઓ, જે અનુક્રમે (૧) તા.૦૨–૦૨–૧૭ અને (૨) તા.૦૧–૦૪–૧૭ ના રોજ પીજીવીસીએલ મા લેખીત અરજીઓ આપેલ હતી. |
| **૩.૩** | આમ, આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ના, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, વીજ ગ્રાહક સાથે યોગ્ય સમયે, તેમની માંગણી મુજબ ની જાણકારી અપાયેલ ન હોવાના, એટલેકે કોમ્યુનીકેશન ગેપના કારણોસર, અરજદાર શ્રી ને, તેમની માંગણી પરત્વે ની, અરજદાર શ્રી ની યોગ્ય અને વ્યાજબી માંગણી મુજબ ની અરજીઓ, જે પીજીવીસીએલ તરફથી, '' યોગ્ય સમયમર્યાદા મા રજુ થયેલ ન હોવાના કારણોસર '' સદર બન્ને અરજીઓ રદબાતલ થયેલ હતી. પરંતુ, અરજદાર શ્રી ને, સદર વિનંતી રદબાતલ કરાયેલ હોવાની લેખીત પત્ર મારફત ની જાણકારી, અરજદાર શ્રી ને અપાયેલ ન હતી. પીજીવીસીએલ પક્ષકાર ના, વીજ ગ્રાહક સાથે ના આવા કોમ્યુનીકેશન ગેપના કારણોસર, અરજદાર શ્રી ને, અન્યાય ની લાગણી સાથે ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરવાની ફરજ પડેલ છે. |
| **૩.૪** | ખાસ કરીને, નવા ખેતીવાડી વીજજોડાણ, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ હોય, તેવા જોડાણ ની તમામ સ્તર ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ ની, સમયાંતરે ની પત્ર મારફત ની લેખીત જાણકારી, અરજદાર શ્રી ને આપવાની બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. પરંતુ, પીજીવીસીએલ કક્ષાએથી, આ મુજબ ની કાર્યવાહી થયેલ ન હોવાથી, સદર કેઈસ મા, અરજદાર શ્રી તેમની સદર ભાવપત્રક ની મુદત મર્યાદા ની મંજુરી / નામંજુરી ની બાબતે અજાણ રહેલ છે. જેથી, હવે ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી કારણોસર ની, તેમના સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા, વધારો મેળવવા માટે ની,અરજદાર શ્રી ની, અગાઉ ની લેખીત વિનંતીઓ સાથે ની, પીજીવીસીએલ સમક્ષ ની માંગણીઓ, ફોરમ કમિટી તરફથી, વ્યાજબી ધોરણ હેઠળ સ્વીકારવા યોગ્ય હોવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૫** | આમ, ઉપરોક્ત મુદદા નં.૩.૪ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી, કે જેઓએ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહીને, મૌખીક ચર્ચાઓ દરમ્યાન કરાયેલ એવી મુખ્ય વિનંતી, કે જે હવે તેઓને, સદર મુળ ભાવપત્રક ની મુળ તા.૨૮–૧૦–૧૬ ની અંતીમ તા.૨૮–૧૧–૧૬ મા, વધારાના ૦૧ વર્ષ સુધી ની સમયમર્યાદા –એટલેકે સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા મા તા.૨૮–૧૦–૧૭ સુધી નો વધારો – જે માનવતા ની રૂએ તેઓની આર્થિક સંજોગોવસાત ની વિનંતી અરજીઓ ના અનુસંધાને – આપવા માટેની અરજદાર શ્રી ની અરજી ફોરમ કમિટી તરફથી, યોગ્ય, વ્યાજબી અને ન્યાયિક ધોરણ હેઠળ ગ્રાહય રખાયેલ છે. અને, પીજીવીસીએલ પક્ષકાર ને, અરજદાર શ્રી ના સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા તા.૨૮–૧૦–૧૭ સુધી નો વધારો આપવા માટે ની તમામ નિયમાધીન પ્રકીયા, જે અરજદાર શ્રી ની તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૨૦ મા પૂર્ણ કરી અને તે મુજબ નો અહેવાલ, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨, ૩.૩ અને ૩.૪ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.